# 4 મનોવલણ અને પૂર્વગ્રહ

માનવી સામાજિક પ્રાણી હોવાથી જન્મથી મૃત્યુ સુધી વિવિધ સામાજિક પરિસ્થિતિઓ, પરિવર્તનો અને અનુભવોથી શીખે છે. જુદા જુદા સમાજમાં કુટુંબ, શાળા, મિત્રો, સગાસંબંધી, સમૂહ માધ્યમો, સાહિત્ય, સંસ્કૃતિ વગેરેની અસર માનવીના વિચાર, વાણી, વર્તન અને વ્યવહાર પર થાય છે. વિવિધ અનુભવો દ્વારા જુદી જુદી વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે બનાવ અંગેના ખ્યાલો આપણા મનમાં બંધાય છે, જેને મનોવૈજ્ઞાનિક પરિભાષામાં 'મનોવલણ' કહેવાય છે. આવાં મનોવલણો માનવવર્તનને દિશા આપે છે. ગમતા કે મનપસંદ અનુભવો પ્રત્યે ગમો અને દુઃખદ કે અણગમતા અનુભવો પ્રત્યે અણગમો પેદા થાય છે. આવા ગમા-અણગમા પણ મનોવલણ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અમુક વ્યક્તિ પ્રત્યે ગમા કે અણગમાની લાગણીને કારણે તેના પ્રત્યે પ્રેમ કે ઘૃણા ઉત્પન્ન થાય છે. આવા વિવિધ સારા-નરસા અનુભવોમાંથી આપણાં મનોવલણો ઘડાય છે.

તમને કારેલાંનું શાક ભાવે છે ? તમને મિત્રો સાથે હરવુંફરવું ગમે છે ? તમને મિત્રો સાથે ગપ્પાં મારવાનું ગમે છે ? તમે વડીલોને માન આપો છો ? તમને શાળામાં જવું ગમે છે ? આવા પ્રશ્નોના જવાબો 'હા' કે 'ના'માં આવે તેના દ્વારા તમારાં વલણ અને તેની દિશા જાણી શકાય છે. સામાન્ય રીતે મનોવલણ વિધાયક કે નિષેધક હોય છે. આપણાં મનોવલણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા પ્રગટ થાય છે. સમાજલક્ષી મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની સ્વતંત્ર વ્યાવહારિક શાખા છે જેમાં માનવીના સામાજિક વર્તનનો અભ્યાસ કરવામાં આવે છે. સામાજિક વર્તનને અસર કરતાં વિવિધ પરિબળોમાંના એક પરિબળ તરીકે મનોવલણોનો અભ્યાસ કરવામાં આવે છે, જેના દ્વારા માનવના સામાજિક વર્તનને સમજી શકાય છે.

મનોવલણ એટલે શું ? તે કેવી રીતે ઘડાય છે કે વિકસે છે ? તેમાં પરિવર્તન શક્ય છે કે નહીં ? વગરે બાબતોની જાણકારી હોય તો વ્યક્તિ લોકોનાં વલણોને સમજી, જાણી પોતાની વર્તન પ્રતિક્રિયા નિશ્ચિત કરી સારું સામાજિક સમાયોજન સાધી શકે છે.

પૂર્વગ્રહ એટલે રૂઢ થયેલા ખોટા ખ્યાલો. કેટલાંક મનોવલણો પ્રતિકૂળ પરિસ્થિતિમાં પૂર્વગ્રહમાં પરિણમી શકે છે. પૂર્વગ્રહો નિષેધક અસર જ જન્માવે છે. પૂર્વગ્રહ વ્યક્તિના વર્તનને અને સમાજના લોકોના વર્તનને ખૂબ પ્રભાવિત કરે છે. મોટેભાગે પૂર્વગ્રહમાંથી વિવિધ સામાજિક સંઘર્ષો અને વૈમનસ્ય પેદા થાય છે. તેથી સમાજને વ્યવસ્થિત બનાવી તેના યોગ્ય વિકાસ માટે પૂર્વગ્રહોને ઘટાડવાની રીતો સમજવી જરૂરી છે.

**મનોવલણો(Attitude):**

આપણે આગળ જોયું તેમ મનોવલણો એ માનવવર્તનને દિશા આપનારું મહત્ત્વનું પરિબળ છે માટે તેની વૈજ્ઞાનિક સમજ પ્રાપ્ત થાય તો માનવીને સુસમાયોજિત જીવન જીવવામાં તે ઉપયોગી નીવડે છે. મનોવલણને સમજવા માટે તેનો અર્થ અને સ્વરૂપ સમજીએ :

**1. મનોવલણનો અર્થ અને સ્વરૂપ(Meaning and Nature of Attitude) :**

''મનોવલણ એ અમુક વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ પ્રતિક્રિયા કરવાની સુસંગત, સંપાદિત (શીખેલી) અને આવેગયુક્ત પૂર્વવૃત્તિ છે.'' **- બી.કુપ્પુસ્વામી(ભારતીય મનોવૈજ્ઞાનિક)**

''ચોક્કસ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યેની વ્યક્તિની માનસિક અને ચેતાકીય તત્પરતા એટલે મનોવલણ''

**- ઓલપોર્ટ**

''સામાજિક વિશ્વના કોઈ અન્ય દરેક તત્વ, મુદ્દા, વિચાર, વ્યક્તિ, સામાજિક સમૂહ વસ્તુ પ્રત્યે આપણે જે વિધાયક કે નિષેધક પ્રતિક્રિયા આપીએ છીએ તે મનોવલણ છે.'' **- બેરન અને બાયરન (1996)**

''મનોવલણ વિચારના બધા રૂપોના એક ખૂબ જ મૂળભૂત પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે.''

**- ઈંટો અને કેસિયોપ્પો (1999)**

દરેક સમાજમાં વિવિધ રીત-રિવાજો, મૂલ્યો, આદર્શો, વિચારસરણી, રહેણીકરણીને કારણે સમયે સમયે લોકોના વલણોમાં પરિવર્તન આવે છે જેને આધારે માનવ મૂલ્યો અને ધ્યેયો પણ બદલાય છે. ઉપર્યુક્ત મુદ્દાઓ પરથી મનોવલણ વિષે કેટલીક બાબતો સુસ્પષ્ટ થાય છે કે -

- મનોવલણ એ મનોશારીરિક વર્તનની માનસિક તત્પરતા છે.
- મનોવલણ માનવ વર્તન કે પ્રતિક્રિયાને દોરે છે, દિશા આપે છે.
- દરેક વ્યક્તિનાં વલણો જુદાં જુદાં હોવાથી તેની પ્રતિક્રિયાઓ પણ જુદી જુદી જોવા મળે છે.

**મનોવલણોનું સ્વરૂપ (Nature of Attitude) :**

મનોવલણના સ્વરૂપને સમજવા માટે નીચેના મુદ્દાઓ સમજીએ :

**(I) મનોવલણો જન્મજાત (વારસાગત કે આનુવંશિક) નથી પરંતુ સંપાદિત (શીખેલાં) છે :**

વ્યક્તિ જે કુટુંબ, શાળા, સમાજ અને સંસ્કૃતિમાં ઉછેર પામે, તેમાંથી પ્રાપ્ત થતા અનુભવો તેનાં મનોવલણોને ઘડે છે. કોઈ બાળક એમ કહે કે મારે કારેલાંનું શાક નથી ખાવું, ત્યારે તેની માતા તેને શાકને બદલે, લે ગોળ ખા, અથાણુ ખા, ત્યારે બાળક ગોળ કે અથાણા સાથે રોટલી કે ભાખરી ખાઈ લે છે. આમ જ્યારે જ્યારે બાળક કારેલાંના શાકનો વિરોધ કરે, અણગમો દર્શાવે ત્યારે ત્યારે તેને ભાવતી વસ્તુ વિકલ્પ તરીકે આપવામાં આવે તો ગોળ કે અથાણા પ્રત્યે વિધાયક અને કારેલાંના શાક પ્રત્યે નિષેધક વલણ વિકાસ પામશે. બાળકોમાં ટેલિવિઝનમાં આવતા કાર્ટૂન કે બાળ કાર્યક્રમો પ્રત્યેનાં વલણો પણ શીખાય છે.

**(II) મનોવલણો મોટેભાગે કાયમી હોય છે:**

અનુભવોથી ઘડાતાં મનોવલણો ધીમે ધીમે રૂઢ થાય છે અને લાંબો સમય ટકે છે માટે કેટલીક વાર પરિવર્તન લાવવું અઘરું બને છે, વાર લાગે છે. નોર્મન સિલ્વરના પ્રયોગોથી સાબિત થયું છે કે મનોવલણોમાં સહેલાઈથી પરિવર્તન લાવી શકાતુ નથી. ઘણાબધા સામાજિક રીત-રિવાજો, રૂઢિઓ વગેરે બાબતોમાં એ જોઈ શકાય છે. દા.ત. જ્ઞાતિપ્રથા નાબૂદી, બાળલગ્નપ્રથા કે અસ્પૃશ્યતા નાબૂદી માટે ઘણાં વર્ષોથી ઘણા બધા વિચારકો, સમાજસુધારકો, ધર્મગુરુઓ વગેરે દ્વારા સતત પ્રયત્નો ચાલુ છે અને હજીપણ ચાલુ રાખવા જ પડશે કારણકે હજી ઘણા સમાજોમાંથી તેને દૂર કરી શકાયા નથી. જ્યાં સુધી લોકોમાં જાગૃતિ ન આવે ત્યાં સુધી આવા પ્રયત્નો ચાલુ રાખવા જ પડે છે. તે બતાવે છે કે મનોવલણમાં પરિવર્તન કઠિન છે પણ અશક્ય નથી. જેથી કહી શકાય કે મનોવલણો મોટેભાગે કાયમી હોય છે.

**(III) મનોવલણ વ્યક્તિ કે વસ્તુના સંદર્ભમાં જ હોઈ શકે છે :**

મનોવલણો વ્યક્તિગત આંતરિક બાબત છે જે વિશિષ્ટ પરિસ્થિતિમાં અભિવ્યક્ત થાય છે. ઓલપોર્ટના મત મુજબ 'મનોવલણો ચોક્કસ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યેની માનસિક તત્પરતા છે'. વ્યક્તિનાં મનોવલણો કોઈ પણ વ્યક્તિ કે વસ્તુની તરફેણ કે વિરોધમાં પ્રતિક્રિયા આપવા પ્રેરે છે. દા.ત. કોઈ વ્યક્તિ સેમેસ્ટર શિક્ષણ પધ્ધતિની ટીકા કરતા હોય ત્યારે સેમેસ્ટર પધ્ધતિની તરફેણ કરનાર વ્યક્તિ તે પધ્ધતિનાં ગુણગાન ગાયા કરશે અને તેના ફાયદાઓ જ દર્શાવવા પ્રેરાશે.

**(IV) મનોવલણ વ્યક્તિ તરફથી જૂથ તરફ વિકસે છે :**

જુદા જુદા શિક્ષણ અને પ્રત્યક્ષીકરણની જેમ મનોવલણમાં પણ સામાન્યીકરણનો સિધ્ધાન્ત જોવા મળે છે. વ્યક્તિગત અનુભવોને આધારે બંધાયેલું મનોવલણ ધીમે ધીમે તે વ્યક્તિ જે જૂથ જ્ઞાતિ કે ધર્મનો હોય તો તે સમગ્ર સમુદાય સાથે જોડાઈ જાય છે. દા.ત. કોઈ એક-બે કિસ્સામાં એવું જોવા મળ્યું હોય કે પૈસાદાર ઘરની દીકરી કોઈ સામાન્ય કે ગરીબ ઘરમાં પરણીને આવી હોય જેણે પોતાને ઘેર કોઈ કામ કર્યું ન હોય તો એવી છાપ પડે કે આ પૈસાદાર ઘરની છોકરી છે તે કંઈ કામ કરતી નથી કે તેને કંઈ આવડતું નથી. આ અનુભવને આધારે તે ઘરના લોકો એવું કહે કે 'પૈસાદાર ઘરની છોકરીઓને ઘર ચલાવતાં આવડે નહીં.' કોઈ ગ્રાહક એક બે વેપારીથી છેતરાયો હોય તો તે એવું વલણ અભિવ્યક્ત કરે કે 'બધા વેપારીઓ લુચ્ચા હોય છે.' આમ વ્યક્તિગત અનુભવથી વિકસેલ મનોવલણ ધીમે ધીમે જે તે વ્યક્તિ જે જૂથ કે સમુદાયની હોય તેના સુધી વિસ્તરે છે.

### (V) મનોવલણો જૂથવ્યાપી હોય છે :

મોટા ભાગનાં મનોવલણો જે તે જૂથના મોટાભાગના લોકોમાં સમાન રીતે વ્યાપેલાં જોવા મળે છે. એટલે કે તે વ્યક્તિ પૂરતા મર્યાદિત રહેવાને બદલે સમગ્ર જૂથમાં તે વ્યાપક બનતા જાય છે. દા.ત. ગાંધીજીનું સ્વચ્છતા કે અસ્પૃશ્યતા તરફનું વલણ તેમના પૂરતું મર્યાદિત રહેવાને બદલે તમામ આશ્રમવાસીઓ કે ગાંધીજી સાથે સંકળાયેલા તમામ રાષ્ટ્રસેવકોમાં વ્યાપક બન્યું. 'સ્વદેશી આંદોલન' કે 'હિંદ છોડો ચળવળ' ધીમે ધીમે સમગ્ર ભારતમાં વ્યાપક બન્યા. એટલે કે એક-બે વ્યક્તિનાં વલણો ઝડપથી અને અસરકારક રીતે સમગ્ર જૂથ વ્યાપી બની જાય છે.

### (VI) મનોવલણો હેતુપૂર્ણ અને લાગણી સભર હોય છે :

મોટા ભાગનાં મનોવલણોમાં હેતુપૂર્ણ અને લાગણીસભરતા જોવા મળે છે, જે વ્યક્તિને સામી વ્યક્તિ કે જૂથની તરફેણ કે વિરોધી વિચાર, વર્તન કે વ્યવહાર કરવા પ્રેરે છે. સામાન્ય રીતે મનોવલણમાં તટસ્થતા જોવા મળતી નથી. દા.ત. ધર્મ પ્રત્યેના ખૂબ વિધાયક વલણથી ધાર્મિક રૂઢિચુસ્તતા કે અંધશ્રધ્ધા ધરાવતી વ્યક્તિ ધર્મ વિષેની વૈજ્ઞાનિક સમજૂતી સ્વીકારવા તૈયાર થતી નથી, તેવી રીતે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી વ્યક્તિને ધાર્મિક વ્યક્તિઓ અંધશ્રધ્ધાળુ ગણાતા હોય છે. આમ બન્ને પક્ષે પોતાના વિચાર કે લાગણી માટે તરફી વલણ અને અન્ય વ્યક્તિનાં વિચાર પરત્વે વિરોધી વલણ જોવા મળે છે.

### (VII) મનોવલણ વ્યક્તિના ગમા-અણગમા દર્શાવે છે :

દરેક વ્યક્તિને કોઈને કોઈ વસ્તુ કે વ્યક્તિ ગમતી હોય તેવી જ રીતે કેટલીક વસ્તુ કે વ્યક્તિ ના જ ગમતી હોય ત્યારે - ગમતી વસ્તુ કે વ્યક્તિ સાથે રહેવું ગમે છે, તેમની સાથે સંપર્ક વધારવાની ઈચ્છા થાય છે અને તેમની સાથે પ્રવૃત્ત રહેવું ગમે છે. તેનાથી ઊલટું ન ગમતી કે અણગમતી વ્યક્તિ કે વસ્તુને દૂર રાખવા કે તેનાથી દૂર રહેવાનો વ્યક્તિ પ્રયત્ન કરે છે. અભ્યાસમાં રસ ન ધરાવતા બાળકને શાળામાં જવું, ગૃહકાર્ય કરવું ગમતું ન હોય એટલે તેને શાળા, શિક્ષક અને માતા-પિતા પ્રત્યે અણગમાની લાગણી જન્મે છે માટે શિક્ષણ પ્રત્યેનો અણગમો તે વ્યક્તિઓ સાથે જોડાઈ જાય છે.

## 2. મનોવલણ ઘડતર (Attitute Formation) :

આગળ ઉપર મનોવલણના સ્વરૂપમાં આપણે જોયું કે મનોવલણ એ જન્મજાત કે વારસાગત નથી પરંતુ સામાજિકરણ અને શિક્ષણ પ્રકિયાથી સંપાદિત છે. મનોવલણ અનુભવોથી ઘડાય છે, વિકસે છે અને દઢ થાય છે. શિક્ષણપ્રાપ્તિની વિવિધ પધ્ધતિઓ છે જે મનોવલણ ઘડતરમાં / સંપાદિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

### (I) મનોવલણ સંપાદનની રીતો :

**(*a*) શાસ્ત્રીય અભિસંધાન :** 'અભિસંધાન એટલે જોડાણ'. શાસ્ત્રીય અભિસંધાનમાં મૂળભૂત સાહજિક ઉદ્દીપક - પ્રતિક્રિયા જોડાણ સાથે તટસ્થ ઉદ્દીપકનું જોડાણ કરવામાં આવે છે. ખોરાક સાથે સહજ રીતે જોડાયેલી લાળ ટપકવાની પ્રતિક્રિયા ઘંટડીનો અવાજ અને ખોરાકની વારંવાર રજૂઆતને કારણે ખોરાકની ગેરહાજરીમાં ઘંટડીના અવાજ સાથે જોડાય છે. તેવી રીતે ઘણાં બધાં વિધાયક મનોવલણો શાસ્ત્રીય અભિસંધાન દ્વારા વિકાસ પામે છે. દા.ત. ભૂખ્યા બાળકને માતા સ્તનપાન કરાવે છે જેનાથી બાળક તૃપ્તિનો આનંદ મેળવે છે તે સાહજિક છે. આવા અનેક અનુભવોથી બાળક માતાને જોતા જ આનંદ અનુભવે છે. સ્તનપાનની ગેરહાજરીમાં માતાની હાજરી જ બાળકમાં આનંદ ઉપજાવે છે અને માતા પ્રત્યે બાળકમાં વિધાયક વલણ વિકસે છે.

**(b) કારક અભિસંધાન :** કારક અભિસંધાનમાં જે પ્રતિક્રિયાને પ્રબલન મળે તે પ્રતિક્રિયા દઢ થાય છે, એટલે કે પ્રબલન મેળવવાની ઈચ્છાથી તે પ્રતિક્રિયા આપણે વારંવાર કરવા પ્રેરાઈએ છીએ. આપણાં ઘણાં બધાં સામાજિક વર્તનને માતા-પિતા, શિક્ષકો, મિત્રો દ્વારા પુરસ્કૃત કરવામાં આવે, સ્વીકૃતિ આપવામાં આવે કે એને વખાણવામાં આવે તો તેવા વર્તન પ્રત્યે બાળકમાં વિધાયક વલણ વિકસે છે અને તેની વિરુદ્ધ, આપણા જે વર્તનને નિષેધક પ્રબલન, શિક્ષા કે સજા આપવામાં આવે તો તેવા વર્તન પ્રત્યે નિષેધક વલણ વિકાસ પામે છે. 'મારો દીકરો બહુ ડાહ્યો છે તે મમ્મીનું બધુ જ કામ કરે' આમ કહીને બાળકને કોઈ કામ ચિંધવામાં આવે તો બાળકમાં તે કામ કરવાનું વલણ વિકાસ પામે તેવી જ રીતે 'સાવ આળસુ છે કંઈ કામ કરતો નથી', આવાં વિધાનો બાળકમાં નિષેધક વલણ જન્માવે અને તેવા વલણો કામ ન

કરવા પ્રેરે છે અથવા તેવા કામ પ્રત્યે નકારાત્મક વલણ વિકસાવે છે.

**(c) નિરીક્ષણાત્મક શિક્ષણ :** નિરીક્ષણ અનુકરણનો પાયો છે. અનુકરણ નિરીક્ષણ વગર શક્ય જ નથી. બાળકો ભાઈ-ભાંડુ, માતા-પિતા, સમવયસ્કો અને આજુબાજુના લોકોના વર્તનનું જેટલું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરે છે તેટલું સારી રીતે અનુકરણ કરી શકે છે. અન્ય લોકોના વર્તન તથા તેમના વર્તનને મળેલી સ્વીકૃતિ-અસ્વીકૃતિ કે તેમના વર્તન પ્રત્યે લોકોના ગમા-અણગમા જોઈને તે લોકો જેવું વર્તન કરવા કે ન કરવા વિધાયક કે નિષેધક વલણ તેનામાં વિકાસ પામે છે. દા.ત. શાળામાં અભ્યાસ કરાવતી વખતે શિક્ષક કોઈ બાળકને પ્રશ્ન પૂછે અને બાળક તેનો જવાબ આપે ત્યારે શિક્ષક 'ખૂબ સરસ બેટા, સાચો જવાબ છે' આવી પ્રતિક્રિયા આપે ત્યારે તે બાળકને તો આનંદ થાય છે જ પણ બીજા બાળકોને પણ જવાબ આપવા માટે ઉત્સાહ પ્રેરે છે. આની વિરુધ્ધ કોઈ બાળકનો જવાબ ખોટો હોય અને શિક્ષક એવો પ્રતિભાવ આપે કે, 'કંઈ આવડતું નથી, ભણવામાં ધ્યાન આપો.' આવી પરિસ્થિતિમાં બાળકનું અપમાન થતું જોઈને અને તેના ચહેરા પરની શરમ, સંકોચ અને ક્ષોભ જોઈને અન્ય બાળકમાં જવાબ આપવાની ઈચ્છા જ થતી નથી અને તે માની લેશે કે 'ન બોલ્યામાં નવગુણ' આમ તેનામાં નિષેધક વલણ નિરીક્ષણથી ઉદ્‌ભવશે.

**(d) ઉદાહરણરૂપ (આદર્શ કે નમૂનારૂપ) વર્તન :** માનવી સામાજિક પ્રાણી હોવાને કારણે દરેક વ્યક્તિના વર્તનની એકબીજા ઉપર પારસ્પરિક છાપ પડે છે. દરેક વ્યક્તિ અન્યના વર્તનને જુએ છે, મૂલવે છે અને તેનું લોકો દ્વારા સામાજિક મૂલ્યાંકન કેવુંક થાય છે તે પણ જુએ છે. આપણું અન્ય વ્યક્તિના વર્તનનું મૂલ્યાંકન અને તે વ્યક્તિનું અન્ય લોકો દ્વારા થયેલ સામાજિક મૂલ્યાંકન જુદું હોઈ શકે છે. મોટે ભાગે સામાજિક સ્વીકૃતિ પામતું વર્તન સમાજ માટે આદર્શ કે નમૂનારૂપ વર્તન બને છે. દરેક વ્યક્તિ માટે અન્ય કોઈ વ્યક્તિ જેવા કે માતા, પિતા, શિક્ષક, સામાજિક કાર્યકર, ધર્મગુરુ, રાજકીય નેતા કે અભિનેતા આદર્શ હોઈ શકે છે. આવી આદર્શરૂપ વ્યક્તિના વર્તનની છાપ અન્ય વ્યક્તિ પર પડે છે અને મોટેભાગે તેને અનુસરવા કે પોતાના જીવનમાં તેની જીવનશૈલી અપનાવવાનું વલણ ધીમે ધીમે ટેવરૂપ બનતુ જાય છે. દા.ત. ગાંધીજીનાં વર્તન, વાણી, વ્યવહારમાં જોવા મળતી સાદગી, સત્યપરાયણતા, નિષ્ઠા, પ્રાર્થના જેવી બાબતો પ્રત્યે પણ તેમના અનુયાયીઓ કે આશ્રમવાસીઓમાં વિધાયક વલણો વિકાસ પામ્યાં. ગાંધીજીની જેમ જયપ્રકાશ નારાયણ, સ્વામી વિવેકાનંદ, ડૉ. અબ્દુલ કલામ, અમિતાભ બચ્ચન, ડૉ. આંબેડકર, ઈન્દિરા ગાંધી કે કલ્પના ચાવલા જેવી અનેક વ્યક્તિઓના જીવન લોકો માટે આદર્શ નમૂનારૂપ બને છે જેનાથી જીવન પ્રત્યેની તેમની આગવી સૂઝ વિકસે છે જે તેમના વિચાર, વર્તન અને વ્યવહારને ચોક્કસ દિશા આપે છે.

**(II) મનોવલણ ઘડતર પર અસર કરતાં ઘટકો :** મનોવલણ માનવવર્તનને દિશા આપનારું મહત્વનું પરિબળ છે માટે માનવવર્તનને સમજવા માટે મનોવલણની સમજૂતી અનિવાર્ય છે. મનોવલણને સમજવા માટે તે કેવી રીતે ઘડાય છે, કેવી રીતે વિકાસ પામે છે, તેને અસર કરતા પરિબળો કયા છે વગેરે બાબતો સમજવી ખૂબ જરૂરી છે. મનોવલણો સંપાદિત / શીખેલા છે. માનવી આજીવન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શીખવાની ક્રિયામાંથી પસાર થાય છે. તે દરમ્યાન વિવિધ લોકોના સંપર્કમાં આવે છે, તેમની સાથે પારસ્પરિક આંતરક્રિયા અને વિચાર વિનિમય કરે છે, લોકોના વર્તનનું મૂલ્યાંકન કરે છે અને સ્વીકૃત વર્તન તરફી અને અસ્વીકૃત વર્તન વિરોધી વલણ ધીમે ધીમે વિકસે છે. મનોવલણ ઘડતરને અસર કરતાં મુખ્ય ચાર ઘટકો છે જે નીચે મુજબ છે :

(*a*) કુટુંબ

(b) સામાજિકરણ

(c) પ્રત્યક્ષ અનુભવ

(d) સંચાર/સમૂહ માધ્યમની અસરો

ઉપર્યુક્ત પરિબળો મનોવલણ ઘડતર પર કેવી અસર પાડે છે તેની વિગતવાર ચર્ચા કરીએ.

***(a)* કુટુંબ :** સમગ્ર જીવનપર્યંત માનવજીવનનું અનિવાર્ય અંગ એ કુટુંબ છે. કુટુંબ એ સમાજનું નાનામાં નાનું અને વ્યક્તિ એ કુટુંબનું નાનામાં નાનું એકમ છે. માનવી સામાજિક પ્રાણી હોવાને કારણે કુટુંબનું ખૂબ મહત્ત્વ છે. કુટુંબ એ સામાજિક શિક્ષણની માતૃસંસ્થા છે. કુટુંબના જુદા જુદા સભ્યોના વર્તનની અસર બાળક ઉપર થતી હોય છે કુટુંબમાં

દરેક વ્યક્તિની જુદી જુદી ભૂમિકા અને દરજ્જો હોય છે તે પ્રમાણે વ્યક્તિ વર્તન કરે છે. બાળક સાથે કુટુંબના બધા સભ્યોનો વ્યવહાર અને વર્તન જુદાં જુદાં હોય છે. બાળક ઉપર માતાના વર્તનનો પ્રભાવ સૌથી વધુ પડે છે. માનવબાળ પ્રાણીની સરખામણીમાં વધુ લાંબો સમય પરાવલંબી હોય છે. બાળકની મોટાભાગની જરૂરિયાત માતા દ્વારા સંતોષાતી હોય છે માટે બાળકનું માતા પ્રત્યે સહજ વિધાયક વલણ વિકસે છે. માતા-પિતાની પારસ્પરિક આંતરક્રિયા, ભાઈ-ભાંડુ સાથેની બાળકની આંતરક્રિયા અને તેમના દ્વારા થતો જરૂરિયાતનો સંતોષ, સહકાર, સ્વીકૃતિ, પ્રેમ, સ્નેહ વગેરે બાબતો બાળકમાં વિધાયક વલણ વિકસાવે છે, તેવી જ રીતે ધિક્કાર, ઘૃણા, તિરસ્કાર જેવી બાબતો બાળકમાં નિષેધક વલણો વિકસાવે છે. પોતાના વર્તનને કુટુંબના અન્ય સભ્યો તરફથી મળતુ પ્રબલન (વિધાયક કે નિષેધક) સ્વીકૃતિ કે અસ્વીકૃતિ મનોવલણ ઘડતરને અસર કરે છે. માતા-પિતાના ગુસ્સાનો ભોગ બનનાર બાળકને જો દાદા-દાદી પોતાની પાસે લઈને માતા-પિતાને ઠપકો આપે તો બાળકમાં દાદા-દાદી પ્રત્યે વિધાયક અને મા-બાપ પ્રત્યે નિષેધક વલણ વિકાસ પામે છે.

**(b) સામાજિકરણ :** સામાજિકરણ એટલે સામાજિક રીતરિવાજો, મૂલ્યો, ધોરણો, રહેણીકરણી અને વિચારસરણી આત્મસાત કરવાની પ્રક્રિયા. જન્મથી મૃત્યુ સુધી સામાજિકરણની પ્રક્રિયા દ્વારા માનવીનું સામાજિક ઘડતર થાય છે. સામાજિકરણ એ આજીવન ચાલતી શિક્ષણ પ્રક્રિયા છે. દરેક સમાજનું સામાજિક માળખુ અલગ હોવાથી એક જ સમાજમાં પણ જુદી જુદી વ્યક્તિનું સામાજિકરણ અલગ અલગ થાય છે. વિવિધ સમાજો વચ્ચે થતી પારસ્પરિક આંતરક્રિયાને કારણે સામાજિકરણની પ્રક્રિયામાં ઝડપી પરિવર્તન આવે છે. વિવિધ જ્ઞાતિ, ધર્મ, રીતરિવાજ, જીવનશૈલી અલગ અલગ સમાજોમાં જોવા મળે છે તે પ્રમાણે બાળકનું સામાજિકરણ થાય છે. કુટુંબ પછી શાળા, ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય આ બધા જ સામાજિકરણને અસર કરનારાં પરિબળો છે. ધાર્મિક રૂઢિચુસ્ત કુટુંબમાં ઉછરેલા બાળકમાં ધર્મ કે રૂઢિરિવાજો પ્રત્યે વિધાયક વલણ જોવા મળે છે. ભાષા, પ્રાંત અને ભૌગોલિક વિસ્તાર મુજબ ખાવા-પીવાની ટેવો પણ સામાજિકરણનો ભાગ બને છે. દા.ત. ગુજરાતમાં દાળ-ભાત-રોટલી-શાક, પંજાબમાં દૂધ-દહીં, પનીર અને દક્ષિણ ભારતમાં નાળિયેર અને ચોખાનો સૌથી વધુ ઉપયોગ ખોરાકમાં થાય છે જે તેમનાં બાળકોમાં જે તે ખોરાક પ્રત્યેનાં વલણને વિકસાવે છે. વડીલોને માન આપવું, મહેમાનોની આગતા-સ્વાગતા કરવી કે પહેરવેશ જેવી બાબતો પણ સામાજિકરણ ઉપર આધારિત છે.

**(c) પ્રત્યક્ષ અનુભવ :** અનુભવ એ ઉત્તમ શિક્ષક છે. દરેક વ્યક્તિ પોતાના જીવનના વિવિધ અનુભવોમાંથી ઘણું બધું શીખે છે. દરેક વ્યક્તિના અનુભવ વિશિષ્ટ હોય છે અને તેનું પ્રત્યક્ષીકરણ વ્યક્તિગત હોય છે. માટે દરેક વ્યક્તિની પ્રતિક્રિયા પણ વિવિધતા ધરાવતી હોય છે. કોઈ એક સમાન પરિસ્થિતિમાં ઉપસ્થિત અનેક લોકોનું તે પરિસ્થિતિનું પ્રત્યક્ષીકરણ વ્યક્તિગત અને વિશિષ્ટ હોય, પૂર્વ અનુભવ, શિક્ષણ અને સમજણ મુજબ તેઓ અનુભવોનું મુલ્યાંકન કરતા હોય છે. શાળામાં શિસ્તના ખૂબ આગ્રહી અને કડક શિક્ષકની છાપ ધરાવતા શિક્ષકે કોઈ વિદ્યાર્થીને વ્યક્તિગત કિસ્સામાં કાળજી લઈ મદદ કરી હોય, સહાય કરી હોય તો તે વિદ્યાર્થીના મનમાં આ શિક્ષક પ્રત્યેનું વલણ અન્ય વિદ્યાર્થીઓના વલણ કરતાં વધુ વિધાયક વલણ બને છે.

**(d) સંચાર/સમૂહ માધ્યમોની અસરો :** 20મી સદી એ વિજ્ઞાનનો યુગ હતો અને 21મી સદી એ ટેક્નોલોજીનો યુગ છે. આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી સર્વ વ્યાપક બની ગઈ છે. આ બન્નેના સુભગ સમન્વયથી માહિતીના આદાનપ્રદાન અને વિચારવિનિમયની પ્રક્રિયા ખૂબ ઝડપી બની ગઈ, જેની અસર સમગ્ર વિશ્વના માનવજીવન પર થઈ છે. પ્રાચીન સમયમાં સંદેશા પહોંચાડવા રૂબરૂ જ જવું પડતું હતું અને ખૂબ સમય જતો હતો. જ્યારે આજે વર્તમાનપત્રો, ટેલિવિઝન, મોબાઈલ, વોટ્સએપ, ફેસબુક, ગુગલ, ટ્વીટર જેવાં સામાજિક સંચાર માધ્યમો ઝડપથી જગતને જોડે છે. દુનિયાના કોઈ એક ખૂણે બનેલી ઘટનાની માહિતી બીજી મિનિટે દુનિયાના લોકો પાસે ઘેર બેઠાં પહોંચી જાય છે અને તેની સામેની પ્રતિક્રિયાઓ પણ ઝડપથી પ્રાપ્ત થતી જાય છે. ઉત્તરાખંડમાં આવેલા પૂરમાં મિલેટરીના જવાનોએ પૂરમાં ફસાયેલા લોકોને કરેલ મદદનું પ્રસારણ જોઈ યુવાપેઢીમાં આર્મી પ્રત્યેના વલણો વધુ વિધાયક અને દૃઢ બન્યા. સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર માટે પ્રસારણ થયા કરતું હોય ત્યારે લોકોમાં સરકાર પ્રત્યે વિધાયક વલણ જોવા મળે છે.

મનોવલણો વ્યક્તિના વર્તનને દિશા આપે છે, સામાજિક વિકાસમાં આવાં વલણો વિધાયક-નિષેધક અસરો

જન્માવે છે, માટે નિષેધક મનોવલણોમાં પરિવર્તન કરી વિધાયક મનોવલણોના વિકાસ માટે પ્રયત્ન કરવો જરૂરી છે. મનોવલણો સંપાદિત છે, તે સતત ઘડાય છે તેમ તેમાં બદલાવ પણ લાવી શકાય છે.

### 3. મનોવલણ પરિવર્તનની રીતો (Thechniques of Attitute Change) :

અગાઉ આપણે મનોવલણ ઘડતરમાં જોયું કે મનોવલણ એ સંપાદિત છે. અનુભવ, શિક્ષણ, સામાજિકરણ, જૂથ, પ્રચાર, સમૂહ માધ્યમ દ્વારા મનોવલણોનું ઘડતર થાય છે અને તે દૃઢ થાય છે. કેટલાંક નિષેધક મનોવલણો વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વસ્તરે નુકસાન પહોંચાડે છે ત્યારે સામાજિક શાંતિ માટે આવાં મનોવલણોમાં પરિવર્તન કરવું કઠિન છે પણ અશક્ય નથી, એટલે કે મનોવલણો બદલી શકાય છે. મોટા ભાગના સમાજ અને સંસ્કૃતિમાં એવાં ઘણાં નિષેધક મનોવલણોમાં પરિવર્તન આવ્યું પણ છે. કુટુંબમાં માતા-પિતા, શાળામાં શિક્ષકો, ધર્મપ્રચારકો, રાજકીય નેતાઓ, વર્તમાનપત્રો અને ટેલીવીઝન જેવા અસરકારક સમૂહ માધ્યમો દ્વારા મનોવલણમાં પરિવર્તન થઈ શકે છે.

મનોવલણમાં પરિવર્તન લાવવા માટેની વિવિધ યુક્તિ પ્રયુક્તિઓ કે રીતો ઘણી બધી છે જેમાંની કેટલીક નીચે મુજબ છે :

(I) શિક્ષણ (II) પ્રચાર

(III) જૂથ ચર્ચા (IV) કાયદાઓ

હવે આ ચાર રીતોની ઉદાહરણ સહિત વિગતવાર સમજૂતી મેળવીએ :

**(I) શિક્ષણ :** આપણે સહુ જાણીએ છીએ કે શિક્ષણ એટલે અનુભવ, મહાવરા કે પ્રયત્નને કારણે વર્તનમાં થતું સાપેક્ષ કાયમી પરિવર્તન. આનો અર્થ એ થાય કે શિક્ષણ દ્વારા વર્તનમાં પરિવર્તન આવે છે, આવું શિક્ષણ પ્રત્યક્ષ કે પરોક્ષ ગમે તે રીતનું હોય પણ વર્તનમાં પરિવર્તન લાવે છે. શાળા-કોલેજોમાં અપાતુ શિક્ષણ કે સામાજિકરણ દ્વારા થતા શિક્ષણથી મનોવલણમાં પરિવર્તન આવે છે. પરંપરાગત ખેતી કરતા ખેડૂતો હવે શિક્ષણ દ્વારા નવી નવી ખેતી, જમીનનું ટેસ્ટીંગ કરાવી જમીનના સેન્દ્રિય તત્ત્વોને અનુરૂપ ખેતીના પાકમાં પરિવર્તન તથા નવા નવા પાકોના વાવેતર વિશેની માહિતી મેળવી નવા નવા પાકો તરફ વિધાયક વલણો વિકસાવતાં જોવા મળે છે. શાળા કોલેજોમાં થતી શિક્ષણેતર પ્રવૃત્તિઓનો વ્યાપ વધતાં ધીમે ધીમે બાળકો અને માતાપિતામાં પણ માત્ર પુસ્તકિયા જ્ઞાનને બદલે બાળકોના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા તરફનું વિધાયક વલણ જોવા મળે છે.

**(II) પ્રચાર :** પ્રચાર એ શિક્ષણનું અસરકારક માધ્યમ છે. પ્રચારની અસરકારકતામાં સમૂહ માધ્યમોની ભૂમિકા વધી ગઈ છે. પ્રચાર કોના દ્વારા થાય છે, કયા જૂથમાં થાય છે, કયા માધ્યમથી થાય છે આ બધી બાબતો મનોવલણોમાં પરિવર્તનને અસર કરે છે. પ્રચાર પણ શિક્ષણ જ છે. પ્રચારમાં ઉપયોગમાં લેવાતાં સૂત્રો પણ મનોવલણ પરિવર્તન માટે અસરકારક નીવડે છે. 100-200 વર્ષ પહેલાં ભારતમાં 90% લોકો ખેતી ઉપર નભતા હતા ત્યારે એવું માનવામાં આવતું કે 'સંતતિ એ સંપત્તિ' ધીમે ધીમે વસ્તીવધારાના ભરડાની અસરમાંથી ઉત્પન્ન થતી સમસ્યાઓથી બચવા વસ્તી વધારાને નિયંત્રિત કરવા 'અમે બે અમારાબે' એ સૂત્રથી પ્રચાર અસરકારક બનાવવામાં આવ્યો.

**(III) જૂથ ચર્ચા :** જૂથચર્ચામાં પારસ્પરિક આંતરપ્રક્રિયાનું મહત્ત્વ છે જેનાથી વિચારવિનિમય થાય છે અને એ લોકોના મનોવલણોમાં પરિવર્તન લાવવામાં મદદરૂપ થાય છે. મનોવલણ ઘડતરમાં જૂથનું સભ્યપદ, સંદર્ભજૂથ અને જૂથ આંતરક્રિયાની અસર થાય છે. બે વિરોધી મનોવલણ ધરાવતા જૂથના લોકો વચ્ચે પારસ્પરિક ચર્ચાવિચારણા દ્વારા વિચારોના આદાનપ્રદાનની પ્રક્રિયાથી મનોવલણોમાં પરિવર્તન લાવી શકાય છે. 1943માં ન્યુકોમ્બે રૂઢિચુસ્ત કુટુંબની કોલેજની યુવતીઓનાં વલણોમાં પરિવર્તન લાવવાના પ્રયોગોમાં સફળતા મેળવી હતી. સંસ્થામાં સંચાલકો અને કર્મચારીઓના વિરોધી વલણમાંથી ઉત્પન્ન થતા સંઘર્ષોને કારણે બન્ને પક્ષની બેઠકોના દોર ચાલે, જેમાં મુક્ત ચર્ચાઓ દ્વારા પારસ્પરિક નિષેધક વલણો ઘટતા સમસ્યાઓના ઉકેલ આવે છે. ભારત દેશ આતંકવાદી પીડાનો ઘણાં વર્ષોથી ભોગ બન્યો છે તેની જુદા જુદા દેશના નેતાઓ સાથે સતત ચર્ચા વિચારણા કરવાથી દુનિયાના બીજા દેશો જે ભારતમાં આતંકવાદ પ્રત્યે ધ્યાન આપતા ન હતા તેવા દેશોમાં પણ ભારતમાંના આતંકવાદ પ્રત્યેના વલણમાં પરિવર્તન થવા માંડ્યું છે જેનો ભારતને લાભ થવા માંડ્યો છે. પરિણામે બીજા દેશો પણ ભારતને આતંકવાદ સામે લડવામાં મદદરૂપ થવા માંડ્યા અને આતંકવાદ પ્રત્યેનું વિશ્વના દેશોના વલણમાં પરિવર્તન થયું.

**(IV) કાયદા :** માનવી અનુભવ, સમજણ કે ચર્ચાથી કેટલીક વાર વલણમાં પરિવર્તન કરવા તૈયાર ન હોય ત્યારે કાયદો મનોવલણનું પરિવર્તન કરવા માટે અસરકારક સાધન બને છે. ભારત જેવા વિવિધતામાં એકતા ધરાવતા દેશમાં હજી ઘણા બધા એવા પરંપરાગત રૂઢિ-રિવાજો છે જેમાં લાંબા સમયથી પરિવર્તનની પ્રક્રિયા ચાલુ હોવા છતાં અસરકારક પરિવર્તન આવ્યુ નથી તેવા સંજોગોમાં કાયદાના ભયથી લોકોમાં પરિવર્તન લાવી શકાય છે. ધાર્મિક રૂઢિચુસ્ત લોકોમાં ધાર્મિક વિધિ કે ધાર્મિક સ્થળો સ્ત્રીઓને પ્રવેશ કે પૂજાવિધિમાં ભાગ લેવા પર નિષેધક વલણો હતાં અને છે. 2016ના સુપ્રિમ કોર્ટના ચુકાદા દ્વારા સ્ત્રી-પુરુષ સમાન કાનૂની હક્ક મુજબ ધાર્મિક સ્થળોમાં પ્રવેશની મંજૂરી મળી જેને કારણે પુરુષો, ધર્મગુરુઓના સ્ત્રીઓ પ્રત્યેના પૂજાવિધિ બાબતના નિષેધક મનોવલણોમાં ધીમે ધીમે પરિવર્તન શરૂ થયું.

હજી ઘણાબધા સમાજમાં આવાં કેટલાંક નિષેધક મનોવલણો છે કે જેમાં પરિવર્તન લાવવું જરૂરી છે. જે દિશામાં મનોવૈજ્ઞાનિકો, સમાજસુધારકો, શિક્ષકો, રાજકારણીઓ અને કોર્ટ દ્વારા કાનૂની પ્રયત્નો કરવા અનિવાર્ય છે.

### 4. મનોવલણ પરિવર્તનમાં અવરોધો (Obstacles in Attitude Change) :

આગળના મુદ્દામાં આપણે જોયુ તેમ નિષેધક મનોવલણોમાં પરિવર્તન લાવવું વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર માટે જરૂરી છે. ઘણા બધા પ્રયત્નો સતત ચાલુ રહેવા છતાંય કેટલીક વાર પરિવર્તન ઝડપી અને અસરકારક બનતું નથી. મનોવલણ પરિવર્તનમાં કેટલાંક પરિબળો અવરોધક બને છે તેની પણ સમજૂતી મેળવવી જરૂરી છે. આવાં અવરોધક પરિબળો નીચે મુજબ છે :

(I) મનોવલણની પ્રબળતા

(II) મનોવલણની જટિલતા

(III) મનોવલણની અગત્યતા

(IV) મનોવલણોમાં આંતરસંબંધ

(V) મનોવલણોની ઉપયોગિતા

ઉપર્યુક્ત અવરોધક પરિબળોની હવે વિગતે સમજૂતી મેળવીએ.

**(I) મનોવલણની પ્રબળતા :** ઘણા લાંબા સમય સુધી કોઈ વલણ ચાલુ જ રહે તો તેનું દૃઢીકરણ થતાં તે વલણ વધુ પ્રબળ બને છે. આવા વલણમાં પરિવર્તન કરવુ કઠીન બને છે. તેવી જ રીતે કેટલાંક મનોવલણો ખૂબ જ આત્યંતિક હોય તો તેમાં પરિવર્તન કઠિન બને છે. દા.ત. પશ્ચિમી સંસ્કૃતિનો સતત મારો ચાલુ રહેવા છતાં આજે પણ હજી ભારતીય પરંપરાગત પહેરવેશ, ખાવા-પીવાની રીતભાત કે રીત-રિવાજોમાં આમૂલ પરિવર્તન આવી શક્યુ નથી. અમેરિકામાં નિગ્રો અને ગોરાઓ, એશિયામાં ભારત અને પાકિસ્તાનના લોકોમાં એકબીજાં પ્રત્યેનાં વલણોમાં પરિવર્તન જોઈએ એવું હજી આવ્યું નથી કારણ કે આ પ્રકારનાં મનોવલણો ખૂબ જ પ્રબળતા ધરાવે છે.

**(II) મનોવલણની જટિલતા :** મનોવલણ ઘડતરની પ્રક્રિયા જટિલ છે કારણ કે કોઈપણ મનોવલણ ઘડતર માટે કોઈ એક જ પરિબળ જવાબદાર હોતું નથી. પરંતુ અનેક પરિબળોની અસરથી મનોવલણ ઘડાય છે. માટે આવા જટિલ મનોવલણમાં પરિવર્તન કરવાની પ્રક્રિયા અસરકારક બનતી નથી. બાળલગ્ન અને દહેજપ્રથા જેવા સામાજિક રીતરિવાજોને દૂર કરવાના આપણા સૌના અથાક પ્રયત્નો છતાં સમાજની જટિલ માન્યતાને કારણે આજે પણ આપણે આવી પ્રથાઓથી સંપૂર્ણ મુક્ત થઈ શક્યા નથી.

**(III) મનોવલણની અગત્યતા :** દરેક માનવીના જીવનમાં જુદા જુદા સમયે જુદી જુદી બાબતો અગત્યતા ધરાવે છે. માનવી પોતાની જરૂરિયાતની અગત્યતાને ધ્યાનમાં રાખીને વર્તન કરવા પ્રેરાય છે. દા.ત. કોઈ વ્યક્તિના જીવનમાં તેના કોઈ એક મિત્રનું ખૂબ મહત્વ હોય તે મિત્રની તેને અનિવાર્ય જરૂરિયાત લાગતી હોય તેવા સંજોગોમાં તે મિત્રમાં કેટલીક બાબતો જે ન ગમે તેવી નકારાત્મક હોય છતાં પોતાના તે મિત્ર પ્રત્યે વલણ ઉત્પન્ન કરી તેની મિત્રતા તોડી શકતી નથી.

**(IV) મનોવલણમાં આંતરસંબંધ :** કેટલાંક મનોવલણો જટિલતાને કારણે સંપૂર્ણ સ્વતંત્ર હોવાને બદલે એકબીજાં સાથે આંતર સંબંધિત હોય છે. આવાં એક બીજાં સાથે આંતર સંબંધિત મનોવલણોમાં પરિવર્તન કરવુ કઠીન બને છે. આવાં મનોવલણોનો એકબીજા સાથેનો આંતર સંબંધ એકબીજા પ્રત્યે વલણને દૃઢ કરે છે. તેથી તેમાં પરિવર્તન લાવવામાં અવરોધ ઉત્પન્ન થાય છે. દા.ત. કોઈ યુવક કે યુવતી પોતાની જ જ્ઞાતિ, ધર્મ અને સમાન સંસ્કૃતિ ધરાવતી વ્યક્તિના પ્રેમમાં હોય અને એકબીજા સાથે પ્રેમલગ્નથી જોડાવા માંગતા હોય ત્યારે તેમને 'પ્રેમલગ્ન ન કરાય મા-બાપ જ્યાં શોધે ત્યાં જ લગ્ન કરાય' એવું સમજાવવાનો પ્રયત્ન કરી, પ્રેમલગ્ન વિરુધ વલણ ઉત્પન્ન કરવામાં સફળતા મળતી નથી, કારણ કે પોતાની મનપસંદ વ્યક્તિ પ્રત્યેના પ્રેમનું આકર્ષણ, જ્ઞાતિ, ધર્મ, સંસ્કૃતિ વગેરે પરિબળો પણ તે જ વ્યક્તિ સાથે લગ્ન કરવામાં વિધાયક પ્રબલન પૂરું પાડે છે, માટે તે વ્યક્તિ પ્રેમલગ્નની બાબતમાં ફેરફાર કરવા તૈયાર થશે નહીં કારણ કે લગ્ન પ્રત્યેનાં વલણો જ્ઞાતિ, ધર્મ, સંસ્કૃતિ પ્રત્યેનાં વલણો સાથે આંતરસંબંધી છે.

**(V) મનોવલણની ઉપયોગિતા :** કેટલીક વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ, બનાવ કે ઘટના પ્રત્યેના વ્યક્તિના વલણો કોઈ વ્યક્તિ માટે ખૂબ ઉપયોગી અને કારગત હોય જે વ્યક્તિની અન્ય જરૂરિયાતો માટે પોષક હોય ત્યારે મનોવલણની ઉપયોગિતા મનોવલણ પરિવર્તનમાં અવરોધક બને છે. દા.ત. કેટલાક લોકોના કોઈ ધર્મ, ધર્મગુરુ, રાજકીય પક્ષ કે વિશિષ્ટ વ્યક્તિ પ્રત્યેના તેમનાં મનોવલણો તેમને ઉપયોગી થતાં હોય કે કોઈ સમુદાયમાં પદ પ્રતિષ્ઠા, મોભો અપાવતા હોય, સત્તાની લાલસા જગાવતાં હોય ત્યારે તે વ્યક્તિ, ધર્મ, ધર્મગુરુ કે પક્ષ વિશે ઘણીબધી સત્ય માહિતી તેમના વિરુધમાં જાહેર થાય છતાં પોતાનું તેમના પ્રત્યેનું વિધાયક વલણ બદલવા તૈયાર હોતા નથી.

## પૂર્વગ્રહ (Prejudice) :

સમગ્ર વિશ્વમાં બનતી વિવિધ પ્રકારની નિષેધક પરિણામો લાવતી ઘટનાઓ જેવી કે કોમી હુલ્લડો, જ્ઞાતિવાદ, અનામત આંદોલનો, વર્ગભેદ કે વર્ગવિગ્રહ, વિવિધ દેશો વચ્ચેના શીતયુધ્ધ કે આંતરવિગ્રહો પૂર્વગ્રહના વિધ્વંસક પાસા તરીકે જ જોવા મળે છે. પૂર્વગ્રહ ક્યારેક ભયંકર હિંસક પરિણામો લાવે છે. આજના યુગમાં માનવીએ ખૂબ પ્રગતિ કરી છે અને આપણે વિજ્ઞાન - ટેક્નોલોજીના યુગમાં જીવીએ છીએ ત્યારે એક દુઃખદ પરિસ્થિતિ એ છે કે - 'અવકાશમાં ઉપગ્રહો છોડનાર માનવી પોતાના મનમાં રહેલા પૂર્વગ્રહોને છોડી શક્તો નથી' આ કરુણ વિરોધાભાસ વિજ્ઞાનની પ્રગતિ કરતાં વધુ દુઃખદ અને માનવજાત પ્રત્યે દયા ઉપજાવે તેવો છે. નિષેધક વલણો ખૂબ લાંબો સમય ટકે ત્યારે તે પૂર્વગ્રહોમાં પરિવર્તિત થાય છે. પૂર્વગ્રહો એટલે રૂઢ થયેલા ખોટા ખ્યાલો. માનવજીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ લાવવા અને ટકાવવા માનવમનમાંથી પૂર્વગ્રહો નાબૂદ કરવા કે ઘટાડવા અનિવાર્ય છે. પૂર્વગ્રહો સામાજિકરણની પ્રક્રિયાથી સંપાદિત થાય છે.

### 1. પૂર્વગ્રહની વ્યાખ્યા અને સ્વરૂપ (Definition & Nature of Prejudice) :

પૂર્વગ્રહ માટે અંગ્રેજીમાં prejudice શબ્દ ઉપયોગમાં લેવાય છે જે લેટીન ભાષાના praejudicium પરથી બનેલો છે. જેમાં prae નો અર્થ થાય છે 'પહેલાં' અને judicium નો અર્થ થાય છે 'નિર્ણય'. આમ શબ્દાર્થની દૃષ્ટિએ પૂર્વગ્રહ એટલે 'પહેલાથી લીધેલો નિર્ણય'. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ પૂર્વગ્રહ એ પૂર્વનિર્ધારિત નિષેધક મનોવલણ છે એમ કહી શકાય. નિષેધક મનોવલણો વિશેનો વિચાર કરતા એક બાબત સ્પષ્ટ થાય છે કે તેમાં પૂરતા અનુભવો કે પુરાવાઓનો અભાવ હોય છે. પૂર્વગ્રહની અભિવ્યક્તિ આવેગાત્મક છે જેને કારણે પૂર્વગ્રહોથી થતા સામાજિક સંઘર્ષોમાં આવેગિક તત્ત્વ મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે.

**(I) વ્યાખ્યા :**

''પૂર્વગ્રહ એટલે વ્યક્તિ કે જૂથ પ્રત્યે પ્રત્યક્ષીકરણ, વિચાર, લાગણી કે કાર્યની દ્રષ્ટિએ વિરુધ્ધ પ્રતિક્રિયા કરવાનું પૂર્વ નિશ્ચિત થયેલુ વલણ'' **- ન્યુકોમ્બ**

''પૂર્વગ્રહ એટલે ઉતાવળિયો અને પૂરતી તપાસ વગર સ્વીકારવામાં આવેલો અભિપ્રાય કે નિર્ણય.'' **- ઓગ્બર્ન**

''પૂર્વગ્રહ એટલે હંમેશા આવેગાત્મક હોય તેવું મનોવલણ કે જે પૂરતા પુરાવા કે પૂરતા અનુભવ મળે તે પહેલાં સંપાદિત થઈ જાય છે.'' **- બી. કુપ્પુસ્વામી**

ઉપર્યુક્ત વ્યાખ્યાઓને આધારે એમ કહી શકાય કે પૂર્વગ્રહ એ મનમાં પહેલેથી બંધાઈ ગયેલો એવો વિચાર કે

વલણ છે જેને સત્ય હકીકતનું સમર્થન મળ્યું ન હોય. પૂર્વગ્રહના સ્વરૂપને સમજવા નીચેના મુદ્દાઓ તપાસીએ.

**(II) પૂર્વગ્રહનું સ્વરૂપ :**

**(*a*) પૂર્વગ્રહ અપૂર્ણ જ્ઞાન અને અધૂરી માહિતી પર આધારિત હોય છે :-** માનવજીવનમાં સામાજિકરણની પ્રક્રિયા કે અન્ય સામાજિક પરિબળો દ્વારા સ્વ-જૂથના પ્રચલિત અભિપ્રાય કે વ્યક્તિગત અનુભવોને આધારે પૂર્વગ્રહ બંધાય છે. પૂર્વગ્રહનાં કારણો વ્યક્તિને ખબર હોતાં નથી અને પૂછવામાં આવે ત્યારે સામા પક્ષ તરફથી નકારાત્મક અનુભવોને જ વળગી રહેવાનો પ્રયત્ન થાય છે, અને પોતાની માન્યતા સાચી છે તેવું પુરવાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**(b) પૂર્વગ્રહો આવેગાત્મક હોય છે :** પૂર્વગ્રહના મૂળમાં માહિતીનો અભાવ હોય છે. એમાં પુરાવાની ચકાસણી કે બૌધ્ધિક તપાસ હોતી નથી પરંતુ એમા લાગણી કે આવેગો કેન્દ્રસ્થાને જોવા મળે છે જે વ્યક્તિ, જાતિ કે કોમ પ્રત્યે કોઈને પૂર્વગ્રહ હોય તો તેના વિષે નિમ્ન કક્ષાના શબ્દો, આક્રમકતા અને નકારાત્મક વર્તન અભિવ્યક્ત થાય છે. ભારત અને પાકિસ્તાનના લોકોમાં એકબીજા પ્રત્યેના પૂર્વગ્રહો છે જે રમતગમતની સ્પર્ધાઓમાં પણ અભિવ્યક્ત થતા જોવા મળે છે દા.ત. ક્રિકેટ વર્લ્ડકપ ફાઈનલ મેચ ચાલતી હોય તેમાં ઈંગ્લેંડ અને વેસ્ટઈંડીઝ રમતા હોય ત્યારે તે બેમાંથી કોઈ પણ દેશ જીતે તેનાથી ભારત કે પાકિસ્તાનના લોકોને કોઈ ફેર પડતો નથી. ભારત અને પાકિસ્તાન રમતા હોય તો બન્ને દેશના લોકો પોતાનો દેશ જીતે તેવું ઈચ્છે તે સ્વાભાવિક છે. ત્યાં રાષ્ટ્રભાવના પણ છે. પરંતુ વેસ્ટ ઈંડીઝ અને ભારત રમતા હોય તેમાં ભારત ન જીતવું જોઈએ અને ભારત હારે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટે આ નકારાત્મક આવેગાત્મક લાગણી લોકોના વર્તનમાં અભિવ્યક્ત થાય છે.

**(c) પૂર્વગ્રહ વ્યક્તિને યૌક્તિકીકરણ કરવા પ્રેરે છે :** યૌક્તિકીકરણ એ એવી બચાવપ્રયુક્તિ છે કે જેમાં વ્યક્તિ પોતાના વર્તન માટે સાચાંને બદલે સારાં કારણો રજૂ કરવા પ્રેરાય છે. પૂર્વગ્રહના કારણો વ્યક્તિ પાસે હોતાં જ નથી તેથી વ્યક્તિ પોતાના વર્તનને પૂર્વગ્રહયુક્ત વર્તન તરીકે સ્વીકારતો જ નથી પરંતુ તેવા વર્તન માટે લોકોને ગળે ઉતરે તેવું કારણ આપે છે.

**(d) પૂર્વગ્રહો વિષચક્ર જન્માવે છે :** પૂર્વગ્રહો આવેગાત્મક નિષેધક લાગણીથી પ્રેરાઈને આક્રમકતા સાથે સંકળાયેલા હોવાથી એ બન્ને પક્ષે આક્રમકતાને વધુ તીવ્ર બનાવે છે. પૂર્વગ્રહને કારણે એક પક્ષ તરફથી કરવામાં આવતો અન્યાય કે આક્રમણ નિષેધક વર્તન સામા પક્ષને વધુ તીવ્ર આક્રમક પ્રતિક્રિયા જન્માવવા પ્રેરે છે. પૂર્વગ્રહથી પ્રેરિત તોફાનો, હુલ્લડો, કોમી રમખાણો ઝડપથી અને આક્રમકતાથી ફેલાય છે અને સતત બન્ને પક્ષે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળે છે.

**(e) પૂર્વગ્રહો જૂથવ્યાપી હોય છે :** દરેક જૂથમાં વ્યક્તિ-વ્યક્તિ પ્રત્યેના નિષેધક અનુભવો, ગેરસમજ અને ખોટી માન્યતામાંથી જ પૂર્વગ્રહો ઉદ્‌ભવે છે, જે ધીમે ધીમે વ્યક્તિગત બાબત તરફથી તે વ્યક્તિના ધર્મ, જ્ઞાતિ કે જૂથ તરફ વ્યાપક બને છે. દા.ત. એક વ્યાપારી પૂરતો પૂર્વગ્રહ ધીમે ધીમે 'બધા વેપારીઓ છેતરપિંડી કરનારા હોય છે' એમ જૂથવ્યાપી બને છે. કોઈ શાળાના કોઈ એક વર્ગમાં ત્રણ-ચાર વિદ્યાર્થીઓ બધા શિક્ષકોને હેરાન કરતા હોય તેનાથી તમામ શિક્ષકો તે ત્રણ વિદ્યાર્થીમાંથી આખા વર્ગ તરફ પૂર્વગ્રહ રાખે છે.

**(f) પૂર્વગ્રહો સંપાદિત છે :** માનવી સામાજિક પ્રાણી હોવાને કારણે આજીવન સામાજિકરણની પ્રક્રિયામાંથી પસાર થાય છે અને પોતાના અનુભવો, સામાજિક અભિસંધાન અને વ્યાપક સામાજિક વર્તનમાંથી પૂર્વગ્રહો ઘડાય છે કે આત્મસાત્ થાય છે. જે તે સમાજના જે પૂર્વગ્રહો તે સમાજના વડીલોમાં હોય તે પૂર્વગ્રહો તે જ સમાજનાં બાળકોમાં હોતા નથી પરંતુ ધીમે ધીમે તે બાળકો મોટાં થતાં જાય, તેમની આંતરક્રિયા અને સામાજિકરણથી પરધર્મ, પરપ્રાંત, પરકોમ કે પરજાત પ્રત્યેના વડીલોના પૂર્વગ્રહો સંપાદિત થાય છે અને તે પ્રમાણે વર્તન કરવા પ્રેરાય છે.

**2. પૂર્વગ્રહ ઘટાડવાની રીતો (Techniques of Reducing Prejudice) :**

પૂર્વગ્રહની વ્યાખ્યા અને સ્વરૂપમાં આપણે જોયું કે પૂર્વગ્રહો એ નિષેધક વલણ છે જે આવેગિક પ્રક્રિયા સાથે સંકળાયેલા છે અને આક્રમક પ્રતિક્રિયા જન્માવે છે એટલે કે પૂર્વગ્રહો સમાજ માટે ખતરનાક છે. તેની ભાવિ સમાજ ઉપર

ખૂબ લાંબાગાળાની નિષેધક અસરો થાય છે જે સામાજિક શાંતિને જોખમમાં નાખી વૈમનસ્ય પેદા કરે છે. માટે તેમાંથી મુક્તિ મેળવવાના પ્રયત્નો કરવા અનિવાર્ય છે. પૂર્વગ્રહોમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવી શકાય નહીં, પરંતુ તેને આગળ વધતાં રોકી શકાય કે ઓછા કરી શકાય. પૂર્વગ્રહો ઘટાડવા માટે નીચેની વિવિધ રીતોનો ઉપયોગ કરી શકાય છે.

(I) **સામાજિકરણ :** પૂર્વગ્રહો સામાજિકરણની પ્રક્રિયા દ્વારા કુટુંબ, સમાજ, ધર્મ, જ્ઞાતિ જેવાં જૂથ દ્વારા સંપાદિત થાય છે. જેવી રીતે ખોટી, અયોગ્ય કે અધૂરી માહિતીને કારણે પૂર્વગ્રહો ઘડાય છે તેમ સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સામાજિક ઘડતરમાં કુટુંબ, શાળા, સમાજ, સંસ્કૃતિ કે ધર્મ દ્વારા પૂર્વગ્રહરહિત સાચી સમજ, માહિતી પૂરાવા સાથે રજૂ કરી પૂર્વગ્રહમાં ક્રમશઃ ઘટાડો કરી શકાય. ભારતીય સંસ્કૃતિમાં પહેલાં જ્ઞાતિવાદને કારણે આંતરજ્ઞાતીય લગ્ન ભાગ્યે જ જોવા મળતા હતા. પરંતુ સામાજિકરણની પ્રક્રિયાને કારણે લોકોની વિચારસરણીમાં પરિવર્તન થવાથી હવે આંતરજ્ઞાતીય લગ્ન સ્વીકારવાનું વલણ વધતું જોવા મળે છે. જે જ્ઞાતિઓનાં અન્યોન્ય પ્રત્યેનાં પૂર્વગ્રહણમાં થયેલા ઘટાડાને સૂચિત કરે છે.

(II) **આંતર-જૂથ સંપર્ક :** પૂર્વગ્રહો વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ન રહેતાં જૂથ વ્યાપી બને છે આવી પરિસ્થિતિમાં બે વિરોધી જૂથો વચ્ચે પારસ્પરિક આંતરક્રિયા ઘટે છે અને પૂર્વગ્રહો વધુ દૃઢ થાય છે. જે બે જૂથ, કોમ, ધર્મ, જ્ઞાતિ, પ્રદેશ, દેશ કે ભાષાના લોકોમાં અન્ય લોકો તરફના પૂર્વગ્રહો ઘટાડવા માટે તેમના પારસ્પરિક જૂથ સંપર્કો વધારવા જોઈએ. તેમની વચ્ચે પારસ્પરિક વિચારવિનિમય અને આંતરક્રિયા થાય તેવા પ્રયત્નો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ, જેનાથી એકબીજા પ્રત્યેની વિરોધી લાગણીને બદલે અનુભવોથી વિધાયક લાગણી જન્મે, જ્ઞાન તથા માહિતી મળે તો પૂર્વગ્રહો દૂર કરી શકાય. લાગણીયુક્ત માન્યતાઓને માત્ર બૌધ્ધિક પ્રયાસોથી દૂર કરવાને બદલે શંકાના સ્થાને શ્રદ્ધા, ભયને બદલે વિશ્વાસયુક્ત માનવસંબંધો અને સલામતી તેમજ ઘૃણા કે તિરસ્કારને બદલે પ્રેમની અભિવ્યક્તિ વધે તેવા વિધાયક અનુભવો થાય તો આપોઆપ બે વિરોધી જૂથો વચ્ચેના સંપર્કોથી પૂર્વગ્રહો ઓછા કરી શકાય.

(III) **કુટુંબ અને શાળામાં શિક્ષણનું પુનર્ગઠન :** માનવબાળના જીવનમાં શિક્ષણની પ્રથમ પાઠશાળા એ કુટુંબ અને બીજા સ્થાને શાળા છે. કુટુંબ અને શાળામાંથી બાળક જીવનના અનેક પાઠ શીખે છે. આ બન્ને ક્ષેત્રોમાં બાળકોમાંથી પૂર્વગ્રહો નાબૂદ કરવા માટે હેતુપૂર્વક શિક્ષણ તથા શિક્ષણની રીતમાં પરિવર્તન કરાવવામાં આવે તો શિક્ષણના નવા પુનર્ગઠનથી બાળકોમાં પૂર્વગ્રહો જન્મતા રોકી શકાય કે ઓછા કરી શકાય. દા.ત. શાળામાં સાચા અર્થમાં સમૂહજીવનના પાઠ સમૂહજીવન જીવવા પ્રેરે તેવી રીતે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે, સમાજસેવાની પ્રવૃત્તિમાં જોડવામાં આવે તો વિવિધ જાતિ, ધર્મ કે જ્ઞાતિ પ્રત્યેના પૂર્વગ્રહો ઓછા કરી શકાય. કુટુંબમાં માતા-પિતા પોતાની માન્યતાઓને બાળકો ઉપર લાદવાને બદલે બાળકોને સ્વતંત્ર રીતે નિર્ણય લેવાનું શીખવે તો બાળકોને સંપાદિત પૂર્વગ્રહોથી બચાવી શકાય છે. સ્ટેમ્બરે કરેલાં સંશોધનો બતાવે છે કે અશિક્ષિતો પરંપરાગત માન્યતાને વળગી રહે છે, માટે પરિવર્તન લાવવા શિક્ષણ જરૂરી છે. હાર્ડિંગ અને તેના સાથીઓના અભ્યાસો બતાવે છે કે પરિવર્તન લાવવા માટે શિક્ષણ સાથે સંદેશો આપનાર વ્યક્તિ અને જૂથની વિશ્વાસપાત્રતા વધુ અસરકારક નીવડે છે.

(IV) **સંચાર/સમુહ માધ્યમો :** લોકસમુદાયને માહિતી આપવા મોટે ભાગે પ્રચારની અવનવી રીતો ઉપયોગમાં લેવાય છે. તેમાં વિશેષ કરીને સમૂહ માધ્યમોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવામાં આવે છે. સમૂહ માધ્યમ દ્વારા એક સાથે લાખ્ખો લોકો સુધી માહિતી કે વિચારને ખૂબ ઝડપથી મોકલી શકાય છે. આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ઉપર આધારિત સાધનો ખૂબ વિકસ્યાં છે. ટેલિવિઝન, વર્તમાનપત્રો, રેડિયો, વોટ્સઅપ, ફેસબુક, એસ એમ એસ દ્વારા એક સાથે ખૂબ જ ઝડપથી વિશ્વના અન્ય દેશોમાં પણ માહિતી પહોંચાડી શકાય છે. પ્રાચીન સમયમાં સ્ત્રીએ ઘરની ચાર દીવાલોમાં રહી ઘરકામ અને બાળકોને જ સાચવવાનાં છે તે ખ્યાલ મુજબ દીકરીઓને શિક્ષણ આપવામાં આવતુ ન હતું. આજે સતત વર્તમાનપત્રો, ટેલિવિઝન દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા કાર્યક્રમોના વારંવાર પ્રસારણથી સ્ત્રીઓ પ્રત્યેના પૂર્વગ્રહોમાં ઘટાડો થતો જોવા મળે છે

(V) **પુનઃ વર્ગીકરણ :** ભારત વિવિધતામાં એકતા ધરાવતો વિશિષ્ટ દેશ છે. સમગ્ર ભારત દેશ ધર્મ, ભાષા, રીતરિવાજો, પહેરવેશ, ખાન-પાન, પ્રાંત, જાતિ, જ્ઞાતિ વગેરે બાબતમાં વિવિધતા ધરાવે છે તેથી દેશ અનેક વિવિધ અને વિશિષ્ટ જુથોમાં વહેંચાયેલો છે. જેને કારણે સ્વ- જૂથ અને પર - જૂથભાવના વધુ વિકસે છે, જેનાથી વૈમનશ્ય અને

પૂર્વગ્રહો જન્મે છે. પ્રાચીન જ્ઞાતિવ્યવસ્થા વર્ણવ્યવસ્થા પર આધારિત હતી અને દરેક જ્ઞાતિમાં પણ અનેક પેટાજ્ઞાતિઓ હતી જેને કારણે ઊંચ-નીચના ભાવ, વૈમનસ્ય અને એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો હતા.

**(VI) બોધાત્મક હસ્તક્ષેપ :** માનવવર્તનના મુખ્યત્વે ત્રણ સ્વરૂપ જોવા મળે છે - ક્રિયાત્મક, બોધાત્મક અને ભાવાત્મક. બોધાત્મક વિકાસ દ્વારા માનવીના પ્રત્યક્ષીકરણ, વિચાર અને વલણમાં પરિવર્તન લાવી શકાય છે. બોધ એટલે સમજણ, જ્ઞાન, સાચી નવી માહિતી સ્વીકાર્ય બને એવી રીતે બીજી વ્યક્તિ સુધી પહોંચાડવાની ક્રિયા. પૂર્વગ્રહ નાબૂદી માટે લોકોમાં બોધાત્મક પરિવર્તન ખૂબ અસરકાર નીવડે છે. પ્રચાર અને જાહેરાતોની જેમ સામજિક પ્રતિષ્ઠા ધરાવતા લોકો, સમાજ સેવકો, ધર્મગુરુઓ દ્વારા પણ લોકોમાં બોધપરિવર્તન લાવી શકાય છે. મોટાભાગની જ્ઞાતિઓ દ્વારા તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત સમૂહલગ્નોના પ્રયાસથી લોકમાનસમાં બોધાત્મક પરિવર્તન આવતાં વ્યક્તિગત પ્રતિષ્ઠા કે ખર્ચાળ લગ્નોમાં ઘટાડો જોવા મળે છે. સ્વાસ્થ્ય સભાનતાની ખૂબ ચર્ચાઓ, જાહેરાતો અને વિવિધ ઉત્પાદનોની લોકોના બોધાત્મક પાસા ઉપર એટલી મોટી અસર થઈ છે કે ગામડાંનાં બાળકો પણ શાળામાં વોટરબેગ લઈ જતાં થયાં.

**(VII) વિધાયક વલણો વિકસાવવા :** પૂર્વગ્રહો એટલે નિષેધક મનોવલણો, રૂઢ થયેલા ખોટા ખ્યાલો. કોઈપણ સમાજમાં નકારાત્મકતા ઓછી કરવા માટે વિધાયક વલણો જરૂરી છે. જે બાબત પ્રત્યે લોકોમાં પૂર્વગ્રહ હોય તે બાબતને સૌ નકારાત્મકતાથી જ જુએ છે, વિચારે છે અને વર્તે છે. સત્ય માહિતી, પુરાવાઓ, મુક્ત ચર્ચાઓ, જૂથોમાં સંલગ્નતા વધારવાના પ્રયત્નો, યોગ્ય ભૂમિકા ભજવણીની રીતો વગેરે બાબતો પ્રત્યે લોકોમાં વિધાયક વલણ વિકસાવીએ તો પૂર્વગ્રહોમાં ઘટાડો કરી શકાય છે. પહેલાંના સમયમાં સ્ત્રી માટે ગૃહિણી તરીકેની અને બાળઉછેરની જ જવાબદારી હતી, જેથી તેને શિક્ષણની કોઈ જરૂર નથી તેવી માન્યતા હતી. પરંતુ સાંપ્રત સમયમાં સ્ત્રી પુરુષ સમોવડી, ખભેખભો મિલાવીને તમામ જવાબદારીમાં, ખરા અર્થમાં સહભાગી બની છે. ‘દીકરી બે ઘર તારે’, ‘દીકરી દેવો ભવ’, ‘પુત્રીને જન્મ નહીં આપો તો તમારા દીકરાઓ કોની સાથે પરણાવશો ?’ જેવા વિધાનોથી દીકરીઓ પ્રત્યેના વિધાયક વલણો વિકસી રહ્યા છે અને દીકરીઓ પ્રત્યેના પૂર્વગ્રહો ઓછા થઈ રહ્યા છે.

**(VIII) કાયદા દ્વારા :** કાયદો માનવીને સમાજમાન્ય રીતે વર્તવામાં અને સામાજિક શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે ખૂબ ઉપયોગી થાય છે. વિવિધ સમાજોમાં જોવા મળતા પૂર્વગ્રહો વૈમનસ્ય, સામાજિક સંઘર્ષો અને તનાવ ઉત્પન્ન કરે છે. આવી પરિસ્થિતિમાં સામાજિક શાંતિ, સલામતી, વ્યવસ્થા જાળવવા કાયદો ખૂબ ઉપયોગી અને નિયંત્રિત સાધન સાબિત થાય છે. દા.ત. સ્ત્રીભ્રૂણ હત્યાને રોકવા માટે જાતિ પરીક્ષણ કરવું એ કાનૂની ગુનો છે, જેથી બાળકીઓને જન્મવાની સંભાવનાઓ વધી છે. સ્ત્રીને પુરુષ સમોવડી, સક્ષમ અને પગભર બનાવવા માટે ‘સમાન વારસાઈ ધારો’ ઉપયોગી નીવડ્યો છે. જાતીય સતામણીના કાનૂની રક્ષણ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષો સાથે સલામતીથી કાર્ય કરી શકે છે.

આ પ્રકરણમાં આપણે મનોવલણો અને પૂર્વગ્રહોની માનવવર્તન અને સમાજ પર થતી અસરોને સમજવા પ્રયત્ન કર્યો. તમામ સમાજોમાં સંઘર્ષો, વૈમનસ્ય વધતાં જાય છે તેવી સ્થિતિમાં આવાં ખંડનાત્મક પરિબળોની સમજણ અને તેનાથી થતું નુકસાન અટકાવવા માટે વિવિધ ઉપાયો કરવા જરૂરી છે. આપણે સહુ આવાં નકારાત્મક પરિબળો ઓળખીએ, તેમને દૂર રાખી અને વિધાયક વલણ સાથે આગળ વધીએ અને દેશને પ્રગતિશીલ બનાવવામાં સહયોગ આપીએ એ જ સાચી દેશસેવા અને સુશિક્ષણ કહેવાશે.

## સ્વાધ્યાય

### વિભાગ-A

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

1. માનવીનાં વિચાર, વાણી, વર્તન, રીતભાત અને જીવનશૈલી પર વધુ અસર કરતું પરિબળ કયું છે ?

   (a) આનુવંશિક્તા (b) સમૂહ માધ્યમો (c) સરકાર (d) કાયદો

2. વિવિધ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે બનાવ પ્રત્યે જે ખ્યાલો બંધાય છે તેને શું કહેવાય ?

   (a) મનોવલણ (b) શિક્ષણ (c) આગાહી (d) પ્રેરણા

3. મનોશારીરિક વર્તનની માનસિક તત્પરતા એટલે શું ?

   (a) પ્રક્રિયા (b) મનોવલણ (c) પ્રતિક્રિયા (d) અપેક્ષા

4. મનોવલણો જન્મજાત નહીં પરંતુ કેવા હોય છે ?

   (a) અપેક્ષિત (b) અનિવાર્ય (c) સંપાદિત (d) કાયમી

5. માતા-પિતા, ભાઈભાંડુ સાથે થતી વિધાયક પારસ્પરિક આંતરક્રિયા પ્રેમ, સ્નેહ અને સહકારથી બાળકમાં શું વિકસાવે છે ?

   (a) સ્પર્ધા (b) સંઘર્ષ (c) વિધાયક મનોવલણ (d) નિષેધક મનોવલણ

6. સામાજિક રીત-રિવાજો, મૂલ્યો, રહેણીકરણી અને વિચારસરણી આત્મસાત્ કરવાની પ્રક્રિયા એટલે શું ?

   (a) પૂર્વગ્રહ (b) મનોવલણ (c) સામાજિકરણ (d)સમાજ અભિમુખતા

7. માનવીના મનમાં રૂઢ થયેલા ખોટા ખ્યાલોને શું કહે છે ?

   (a) મનોવલણ (b) પૂર્વગ્રહ (c) અભિસંધાન (d) સામાજિકરણ

8. વર્તમાનપત્રો, ટેલિવિઝન, ટેલિફોન અને મોબાઈલ, ઈન્ટરનેટ વગેરે શાનાં સાધન છે ?

   (a) સમુહ માધ્યમ (b) વેચાણ ઘટાડવા (c) ધ્યાન (d) મનોભાર

9. પૂર્વગ્રહમાં પરિવર્તન લાવવા શિક્ષણ સાથે સંદેશ આપનાર વ્યક્તિ અને જૂથની વિશ્વાસપાત્રતા અસરકારક નીવડે છે તેવુ સંશોધન કરનાર મનોવૈજ્ઞાનિકનું નામ જણાવો.

   (a) હાર્ડિંગ (b) કુપ્પુસ્વામી (c) સ્ટેમ્બર (d) શેરીફ અને શેરીફ

10. અશિક્ષિતો પરંપરાગત માન્યતાને વળગી રહે છે માટે પૂર્વગ્રહોમાં પરિવર્તન લાવવા શિક્ષણ જરૂરી છે તેવું કયા સંશોધકના સંશોધનમાં જોવા મળ્યું ?

    (a) બી.કુપ્પુસ્વામી (b) સ્ટેમ્બર (c) સ્કીનર (d) ન્યુકોમ્બ

## વિભાગ-B

**નીચેના પ્રશ્નોના ઉત્તરો એક વાક્યમાં લખો.**

1. મનોવલણની દિશા કેવા પ્રકારની હોય છે ?
2. સામાજીકરણ એ શાની પ્રક્રિયા છે ?
3. સમૂહ માધ્યમનાં સાધનોના નામ આપો.
4. કુપ્પુસ્વામીની મનોવલણની વ્યાખ્યા આપો.
5. મનોવલણ ઘડતરને અસર કરતાં બે ઘટકો જણાવો.
6. મનોવલણ પરિવર્તનની રીતો જણાવો.
7. મનોવલણ પરિવર્તનના અવરોધકો દર્શાવો.
8. પૂર્વગ્રહ એટલે શું ?
9. શિક્ષણનું પુનર્ગઠન એટલે શું ?
10. યૌક્તિકીકરણ  એટલે શું ?

## વિભાગ-C

**નીચેના પ્રશ્નોના જવાબો સંક્ષિપ્તમાં લખો. (આશરે 30 શબ્દોમાં)**

1. મનોવલણના સ્વરૂપના કોઈપણ ચાર મુદ્દાઓ દર્શાવો.
2. મનોવલણ ઘડતરમાં શાસ્ત્રીય અભિસંધાનનું ઉદાહરણ સમજાવો.
3. સામાજિકરણની પ્રક્રિયાને અસર કરતાં વિવિધ પરિબળો દર્શાવો.
4. પ્રચાર દ્વારા મનોવલણ પરિવર્તનનું ઉદાહરણ જણાવો.
5. મનોવલણ પરિવર્તનમાં અવરોધક પરિબળ તરીકે પ્રબળતા એટલે શું ?
6. પૂર્વગ્રહો સંપાદિત છે - સમજાવો.
7. સમૂહ માધ્યમ એટલે શું ?
8. મનોવલણોનો આંતરસંબંધ મનોવલણ ઘટાડવામાં કેવી રીતે અવરોધક બને છે ?
9. પૂર્વગ્રહો વિષચક્ર જન્માવે છે - સમજાવો.
10. પૂર્વગ્રહ વ્યક્તિથી જૂથ વ્યાપી બને છે - સમજાવો.

## વિભાગ-D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તરો લખો. (આશરે 50 શબ્દોમાં)**

1. મનોવલણો જન્મજાત નથી સંપાદિત છે - સમજાવો.
2. મનોવલણ ઘડતરને અસર કરતાં પરિબળો દર્શાવી ગમે તે એકની ચર્ચા કરો.

3. મનોવલણ પરિવર્તનમાં અવરોધક તરીકે 'મનોવલણ જટિલતા' સમજાવો.
4. પૂર્વગ્રહની વ્યાખ્યા અને તેની સમજૂતી આપો.
5. પૂર્વગ્રહ ઘટાડવાની રીત તરીકે 'બોધાત્મક હસ્તક્ષેપ' સમજાવો.
6. મનોવલણો જૂથ વ્યાપી હોય છે સવિસ્તાર સમજાવો.
7. વિધાયક વલણ વિકસાવી પૂર્વગ્રહ કેવી રીતે નાબૂદ થાય તે ઉદાહરણથી સમજાવો.
8. આંતરજૂથ સંપર્ક પૂર્વગ્રહ ઘટાડવા કેવી રીતે ઉપયોગી થાય તે સમજાવો.
9. કાયદા દ્વારા પૂર્વગ્રહો ઘટાડી શકાય તે ઉદાહરણ આપી સમજાવો.
10. પૂર્વગ્રહ ઘટાડવામાં સંચાર માધ્યમનું મહત્ત્વ સમજાવો.

## વિભાગ-E

**નીચેના પ્રશ્નોના ઉત્તરો સવિસ્તાર લખો. (આશરે 80 શબ્દોમાં)**

1. મનોવલણની વ્યાખ્યાઓ સમજાવી મનોવલણના સ્વરૂપના મુદ્દાઓ વર્ણવો.
2. મનોવલણ ઘડતરની પ્રક્રિયામાં નિરીક્ષણાત્મક શિક્ષણની ઉદાહરણસહિત સમજૂતી આપો.
3. મનોવલણ પરિવર્તનમાં અવરોધક પરિબળો સમજાવો.
4. પૂર્વગ્રહનું સ્વરૂપ સમજાવો.
5. પૂર્વગ્રહો ઘટાડવાની રીતો જણાવી ગમે તે બે રીતો સવિસ્તૃત સમજાવો.

•